## હો...પૂનમની પ્યારી પ્યારી

(ફિલ્મઃ ખમ્મા મારા વીરા)

હો...પૂનમની પ્યારી પ્યારી રાત,
મારી પ્રિતમ સાથે છે મુલાકાત આજ તું ના જાતી,
ચમકે છે નભમાં જેટલા તારા,
    સપનાં છે એટલા મનમાં.
આજની આ પૂનમ છે રૂપાળી.
    એવું જ રૂપ મારા તનમાં... હો પૂનમ.
જોજે થાવા દેતી ના પરભાત,
મારી પ્રિતમ સાથે છે મુલાકાત આજ તું ના જાતી.
જાગી છે પ્રિત મારે જનમો જનમની.
    રમશું રે રાત ભર રંગમાં,
જાવ જાવ સખીઓ થાશે રે મોડું
    સાજન છે કોઈના સંગમાં.
મને કરવા દોને થોડી વાત
મારી પ્રિતમ સાથે છે મુલાકાત આજ તું ના જાતી,
    હો...પૂનમની પ્યારી પ્યારી રાત...